# આઈએલએન્ડએફએસ ઈન્ફ્રા એસેટ મેનેજમેન્ટ લિ. એ આઈએલએન્ડએફએસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેબ્ટ ફંડ માટે ૭.૫૦ અબજનું ભંડોળ ઊભુ કર્યું

મુંબઈ

આઈએલએન્ડએફએસ ફાયનાન્સિયલ સર્વિસીઝ લિમિટેડ (આઈએફઆઈએન) દ્વારા આઈએલએન્ડએફએસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેબ્ટ ફંડ (આઈઆઈડિએફ)ના વ્યવસ્થાપન માટે ઊભી કરવામાં આવેલી એસેટ મેનેજમેન્ટ કંપની, આઈએલએન્ડએફએસ ઈન્ફ્રા એસેટ મેનેજમેન્ટ લિમિટેડ (આઈઆઈએએમએલ) દ્વારા ફંડના પહેલા સમૂહમાં રજૂ થનારી આઈઆઈડીએફ શ્રેણીના અનુક્રમે પાંચ, સાત અને દસ વર્ષ માટેની ૧સી ક્લોઝ એન્ડેડ સ્કીમ્સ : ૧એ- ૧બી અને માટેનું ભંડોળ ૭.૫૦ અબજ ઊભું કર્યું છે. રોકાણકારો પાસેથી સફળતાપૂર્વક આ ભંડોળ મેળવનારી આ પહેલી આઈડીએફ છે. વર્ષ ૨૦૧૧માં સરકાર દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેબ્ટ ફંડ માટેના નીતિનિયમો જાહેર કર્યા ત્યાર પછી, ભારતીય જીવન વીમા નિગમની સાથે મળીને મ્યુચ્યઅલ ફંડના માળખામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેબ્ટ ફંડ રજૂ કરવાનો ઉદ્દેશ જાહેર કરનારી સંસ્થાઓમાં આઈએફઆઈએન હતી.

આ ફંડ, આઈએલએન્ડએફએસ આઈડીએફનું ઉદ્‌ઘાટન ૯ ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ મુંબઈ ખાતે માનનીય નાણાપ્રધાન પી.ચિદમ્બરમના શુભહસ્તે કરવામાં આવ્યું. આઈઆઈએએમએલના પ્રથમ સમૂહ હેઠળ આઈઆઈડીએફ સ્કીમ્સની રજૂઆત જૂન ૨૦૧૩માં કરવામાં આવી. જેને ભારતની બે રેટિંગ એજન્સીઓ, ઈન્ડિયા રેટિંગ અને રિસર્ચ એન્ડ કેર દ્વારા મહત્તમ રેટિંગ મેળવ્યું. આ ઉપરાંત આઈઆઈએએમએલ દ્વારા આઈએલએન્ડએફએસ આઈડીએફની સ્થાનિક લોકને ધ્યાનમાં રાખીને વીમા અને પેન્શન ફંડસ્ માટે કેટલીક સ્કીમ્સ માટે તથા કેટલાંક વિદેશી રોકાણકારો દ્વારા ફિડર ફંડના માર્ગે ભંડોળ ઊભું કરવાનો પ્રસ્તાવ કરવામાં આવેલો છે.

આઈએફઆઈએનને કેર અને ઈન્ડિયા રિસર્ચ દ્વારા મહત્તમ રેટિંગ્સ મળેલાં છે. આઈએફઆઈએનની સ્થાનિક બજારોમાં મજબૂત હાજરીને એની લંડન, સિંગાપોર, હોંગકોંગ અને દુબઈની વિદેશી કચેરીઓ પૂરક બની રહી છે.